Economic Times (Gujarati)

# JK Paper Q1 net rises 29.7% to Rs 123.45 crore

Jul 25, 2019 | Mumbai | Pg No.: 4 | Middle Left | Bureau | Sq Cm: 64 | AVE: 11171 | PR Value: 55855



## જેકે પેપરનો ત્રિમાસિક નફો 29.7 ટકા ઉછળીને ₹123.45 કરોડ નોંધાયો

**નવી દિલ્હી:** જેકે પેપર લિમિટેડએ જૂન ક્વાર્ટર માટે ૨૯.૬૮ ટકાના વધારા સાથે ₹૧૨૩.૪૫ કરોડનો સંગઠિત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, કંપનીએ એક વર્ષ અગાઉ સમાન ત્રિમાસિક ગાળા માટે ₹૯૫.૧૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો તેમ કંપનીએ બીએસઈ ફાઈલિંગમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળા માંટે કંપનીની કુલ આવક ૮.૫૭ ટકા ઘટીને ₹૭૩૨.૩૨ કરોડ નોંધાઈ હતી જે એક વર્ષ અગાઉ સમાન ગાળા માટે ₹૮૦૧.૦૩ કરોડ હતી. સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળા માટે કંપનીનો કુલ ખર્ચ ઘટીને ₹૫૪૪.૨૫ કરોડ નોંધાયો હતો જે એક વર્ષ અગાઉ સમાન ગાળા માટે ₹૬૫૩.૭૬ કરોડ હતો. દરમિયાન બુધવારે બીએસઈ પર કંપનીનો શેર ૨.૦૨ ટકા વધીને ₹૧૧૬.૩૫ બંધ નોંધાયો હતો.